ચોમાસામાં સ્ટ્રીટ લાઈટોનાં ખૂલ્લા થાંભલા ગમે ત્યારે અકસ્માત નોતરી શકે છે. આ તસવીરો ઘ-૫ ખાણી-પીણી બજાર, સેક્ટર-૧૭, સેક્ટર-૧૬, સેક્ટર-૨૮, સેક્ટર-૩૦, સેક્ટર-૬ની છે. આ સિવાય શહેરમાં ઘણી જગ્યાએ આવું જ કંઈ જોવા મળે છે. અવરા-નવાર ચોમાસાની સિઝનમાં ભેજવાળા વાતાવરણના કારણે બાજુમાંથી પસાર થતાં પણ કરંટ લાગવાનો ભય રહે છે. વીજ કંપની સત્વરે તાકીદનાં પગલાં લે તેવું આમ જનતા ઈચ્છે છે.

(તસવીર : કશ્યપ નિમાવત)

રસ્તા વચ્ચે પોલીસનો હાઈવોલ્ટેજ ડ્રામા

હદ નક્કી કરવા સે. ૭ અને ૨૧ પોલીસ અડધો કલાક બાખડી

ગ-૪ સર્કલ પાસે બે ગાડી અથડાતા માલીકો ઝગડ્યા : પોલીસ આવીને હદ માટે ઝગડવા લાગતા બન્ને માલીકોએ છેવટે માંડવણી કરી લીધી..!

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર શહેરના ગ-૪ સર્કલ મહાત્મા મંદિરની સામેના વિસ્તારમાં ગત મોડી સાંજે સર્જાયેલા કાર અકસ્માતમાં બે પોલીસ સ્ટેશનની પોલીસે હદ વિસ્તાર નક્કી કરવામાં હાઈ વોલ્ટેજ ડ્રામા સર્જ્યો હતો. સ્થળ પર ઝગડી રહેલા બે કાર માલીકોએ પોતાનો ઝગડો પડતો મુકી દીધો હતો અને બે પોલીસ સ્ટેશનની ઝગડી રહેલી પોલીસનો તમાશો અડધો કલાક જોયા બાદ અંતે બન્ને માલીકો જ જાતે સમજી જઈને સમાધાન કરી દીધુ હતુ. મામલો સુલજાવવા પહોંચેલી પોલીસ હદ વિસ્તાર માટે બાખડી પડતા બન્ને અકસ્માતગ્રસ્તોએ પોતાની ફરીયાદ આપવાનું ટાળી દીધુ હોવાનો રમુજ કિસ્સો નોંધાવા પામ્યો હતો.

ગઈ મોડી સાંજે શહેરમાં સ્થિત મહાત્મા મંદિરની સામે ગ-૪ સર્કલ પાસે હોન્ડાસીટી કાર અને અલ્ટો કે-૧૦ કાર વચ્ચે સામાન્ય અકસ્માત સર્જાયો હતો. અલ્ટોમાં બેસેલી મહિલા ચાલક અને હોન્ડા સીટીના ચાલક એક કંપનીના ડ્રાઈવર શરૂઆતમાં ઉગ્ર બન્યા બાદ સમાધાનના મુડમાં આવી ગયા હતા. પરંતુ કોઈ કારણે બન્ને તુ-તારી પર આવી જતાં લડી લેવાના મુડમાં આવી ગયા હતા. કેસ કરવાનું કહીને સેક્ટર-૭ પોલીસને બોલાવી પરંતુ આ હદ અમારી નથીનો જવાબ મળ્યો. ત્યાર બાદ સે. ૨૧ પોલીસને બોલાવી તો ત્યાંથી પણ આ જ જવાબ મળ્યો કે આ અમારી હદ નથી. બન્ને પોલીસને ભેગી કરી. સે. ૭ અને સે. ૨૧ પોલીસ ગ-૪ ભેગી થઈ..! ત્રણ પીસીઆર વાન અકસ્માતગ્રસ્ત ગાડીઓની આસપાસ ગોઠવાઈ ગઈ...! બન્ને પોલીસ સ્ટેશનની પોલીસ હદ વિસ્તાર નક્કી કરવા સામસામે આવી ગઈ. પોલીસે હદની માપણી શરૂ કરી...! પોલીસનો તમાસો જોવા આસપાસથી પસાર થતા વાહનચાલકો તથા અકસ્માતનો ભોગ બન્યા બાદ અંદર-અંદર ઝગડી રહેલા બન્નેકાર ચાલકો પણ શાંત થઈને રસ્તાની બાજુમાં વ્યવસ્થિત ગોઠવાઈ ગયા. અડધો કલાક સુધી બાખડેલી સે. ૭ અને સે. ૨૧ પોલીસનો હદ માટેનો હાઈ વોલ્ટેજ ડ્રામા ચાલ્યો. અંતે બન્ને કાર ચાલકોએ ફરીયાદ કરવાનું જ ટાળી મુક્યુ હતુ અને પોલીસને ઝઘડતા જોઈને પોતે શાંત થઈ ગયા બાદ અંતે માંડવણી કરી લીધી હતી. હદ નક્કી કરવામાં બાખડેલી બે પોલીસના રમુજ કિસ્સામાં એ બાબત ચોક્કસ નોંધવી પડશે કે અંદરોઅંદર ઝગડી રહેલા બે કાર ચાલકો શાંત થઈને હસતા મોઢે પાછા ઘરે ફર્યા હતા...!

ખડાયતા સમાજે ફેમિલી અને પોકેટ ડીરેક્ટરી માટે જરૂરી વિગતો મંગાવી

ગાંધીનગર, તા. ૨૬

સમસ્ત ખડાયતા સમાજ ગાંધીનગરના મંત્રી બી.ડી. શાહે એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, ખડાયતા સમાજની ફેમિલી ડીરેક્ટરી અને પોકેટ ડિરેક્ટરી ટૂંક સમયમાં પ્રસિદ્ધ કરવાની હોવાથી સમાજના સભ્યોને જરૂરી વિગતો મોકલી આપવા ખાસ જણાવાયું છે.

ખડાયતા સમાજની તાજેતરમાં બેઠક મળી હતી. બેઠકમાં ગાંધીનગરમાં વસતા ખડાયતા સમાજની ડીરેક્ટરી છપાવાની બાબત પર નિર્ણય લેવામાં આવ્યો હતો. ફેમિલી ડીરેક્ટરી અને પોકેટ ડીરેક્ટરી બાબતે જે કોઈ સભ્યોએ તેમની કુટુંબીજનોની વિગતો સમાજને મોકલાવી ન હોય તેઓએ ૧૦મી ઓગષ્ટ સુધીમાં સમાજના સહમંત્રી છાપકામ સમિતિના કન્વીનર સંજયભાઈ શાહને ક્વાર્ટર નં. ૧, ફાર્મસી કેમ્પસ, કડી વિદ્યાલય, સેક્ટર-૨૩ને રૂબરૂ અથવા પોષ્ટ દ્વારા મોકલી આપવા જણાવાયું છે.

આજે ગાંધી મિત્ર વર્તુળ ગાંધીનગરની માસિક બેઠક મળશે

ગાંધીનગર, તા. ૨૬

ગાંધી મિત્ર વર્તુળ ગાંધીનગરની જુલાઈ માસની અગત્યની બેઠક આજે તા. ૨૭મી જુલાઈ-૨૦૧૩ને શનિવારે સાંજે ૫ કલાકે ગાંધીજન ગિજુભાઈ ત્રિવેદીના નિવાસસ્થાને, ૬૨૮, વાસ્તુનિર્માણ સોસાયટી, સેક્ટર-૨૨, ગાંધીનગર ખાતે મળશે. સૌ ગાંધીજન મિત્રોને ખાસ ઉપસ્થિત રહેવા જણાવાયું છે.

ગુજરાત પોર્ટ એન્ડ ડોક કર્મચારીઓ મહાસંઘ પહેલી ઓગસ્ટે ધરણાં કરશે

ગાંધીનગર, તા. ૨૬

ગુજરાત પોર્ટ એન્ડ ડોક કર્મચારી મહાસંઘ પહેલી ઓગલ્ટના સવારે સેક્ટર-૬ના મેદાનમાં ઉપવાસ ધરણાં કાર્યક્રમ યોજવામાં આવ્યો છે. જેમાં બોર્ડના તમામ હોદ્દેદારો ભાગ લેનાર છે. મહાસંઘના ઉપપ્રમુખ રાજેશભાઈ ઓઝાએ જણાવેલ છે.

ચાલુ ફરજ દરમ્યાન અવસાન પામનાર કર્મચારીઓના આશ્રિતોને પેન્ડીંગ કે સોમાંલાભ આપવો. રોજમદાર કર્મચારીઓને પાંચમા-છઠ્ઠા પગાર પંચનો લાભ આપવો વર્ગ-૪ના કર્મચારી જુનીયર કલર્કિની બઢતીઆપશ્રી ભાવનગર બંદરે થયેલ કોલસના કાર્ગોના હેન્ડલીંગથી નુકશાન થયેલ છે. નાણાંકીય જવાબદારીવાળઈ જગ્યા ઉપર કાયમી કર્મચારીઓને નિમણૂંક આપવી. ફલોટીલાના કર્મચારીઓને બઢતી આપવી ગ્રેજ્યુએટી વિશે એકટ પ્રમાણે કામગીરી કરવી વર્ગ-૨ની જગ્યાઓ ખાલીજગ્યાઓ ભરવી અપાયેલ ઘર્વર કાફટ ભાવનગર બંદરે ચલાવવો. ઉપરોક્ત કલાર્કમાં ભાગ લેવા કાર્યલયમંત્રી ભરતભાઈ જોશીએ જણાવેલ છે.

કરાઈ સાયફન કેનાલમાંથી યુવાનનો મૃતદેહ મળી આવ્યો

આશરે ૨૦ થી ૨૫ વર્ષના અજાણ્યા યુવાનની ઓળખ થઈ શકી નથી

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર નજીક આવેલી કરાઈ સાયફન નર્મદા કેનાલના પાણીમાંથી આજે બપોરના અરસામાં અજાણ્યા યુવાનનો તણાતો મૃતદેહ મળી આવતા ચકચાર મચી જવા પામી છે. આ સંદર્ભે કેનાલ સિક્યુરીટી ગાર્ડે ડભોડા પોલીસને જાણ કરતાં પોલીસ ઘટનાસ્થળે આવી પહોંચી હતી અને મૃતદેહ પોસ્ટમોર્ટમ માટે લઈ જઈ અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને તેની ઓળખવિધિ માટે ચક્રો ગતિમાન કર્યા છે.

કેનાલ સિક્યુરીટી ગાર્ડ પ્રવિણ ઠાકોર પેટ્રોલીંગમાં હતો તે દરમ્યાન કરાઈ સાયફન કેનાલમાંથી એક આશરે ૨૦ થી ૨૫ વર્ષની ઉંમરના અજાણ્યા યુવાનનો તરતો મૃતદેહ દેખાઈ આવ્યો હતો. ગાર્ડે ડભોડા પોલીસને જાણ કરતાં એએસઆઈ અશોકભાઈ બનાવ સ્થળ પર પહોંચી ગયા હતા. મૃતદેહ બહાર કઢાવી તપાસ કરતાં તેની પાસેથી ઓળખ છતી થાય તેવા કોઈ આધાર પુરાવાર મળી આવ્યા ન હતા. મૃતકના શરીરે મહેંદી કલરનો આખી બાયનો સર્ટ અને આછા કાળા રંગનું જીન્સ પેન્ટ છે. મૃતદેહ પોસ્ટમોર્ટમ માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લઈ જઈ અકસ્માત મોતનો ગુનો નોંધી અજાણ્યા યુવાનની ઓળખ અને મૃત્યુનું કારણ બહાર લાવવા ડભોડા પોલીસે ઉંડી તપાસ હાથ ધરી છે.

વિસનગરા નાગર પરિવાર તરફથી શ્રાવણ માસમાં શિમ મહિમ્ન સ્ત્રોત

ગાંધીનગર, તા. ૨૬

વિસનગરા નાગર પરિવાર ગાંધીનગર તરફથી શ્રાવણ માસમાં દર વર્ષની જેમ શિવ મહિમ્ન સ્ત્રોતનું આયોજન કરેલ છે. શ્રાવણ માસ દર સોમવારે, રવિવારે રાત્રીના ૮.૩૦થી ૧૧.૦૦. સભ્યોના ઘરે યોજાશે. ઈચ્છિત પરિવારના સભ્યશ્રીઓ નામ નોંધવવા જણાવેલ છે. આ માસમાં અનુકૂળતાએ ધાર્મિક પ્રવાસ ગોઠવવામાં આવશે. નવા વર્ષમાં સ્નેહમિલન, ઈનામવિતરણ કાર્યક્રમ રાખવામાં આવેલ છે. જેમાં તેજસ્વી તારલાઓનું સન્માન, ૭૫ વર્ષના વડીલોનું સન્માન વિશિષ્ટ સિદ્ધિ પ્રાપ્ત કરનારનું સન્માન કરાશે. તા. ૩૦મી સપ્ટેમ્બર સુધીમાં માર્કશીટની નકલ નિયત ફોર્મમાં ભરીને મોકલી આપવા જણાવેલ છે.

ઘ-૭ સર્કલ પર પાણી ભરાતા વાહનચાલકો પરેશાન

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર શહેરના છેવાડે આવેલ ઘ-૭ સર્કલ વિસ્તારમાં થોડા વરસાદમાં પણ પાણી ભરાઈ જવાના બનાવ અવાર નવાર બનતા સ્થાનિકો તેમજ રાહદારીઓ પરેશાની ભોગવી રહ્યા છે. વરસાદી પાણીના યોગ્ય નિકાલની વ્યવસ્થા યોગ્ય ન હોવાને કારણે આ પાણી સ્થળ ઉપર ભરાઈ રહે છે. અને પાણી ભરાઈ રહેવાને કારણે મચ્છર અને માખીનો ઉપદ્રવના કારણે રોગચાળો ફેલાવાની પણ દહેશત ઉઠવા પામી છે.

ઘ-૭ વિસ્તાર સર્કલની ચારે તરફ પાણી ભરાઈ જવાનો બનાવ આમ બનતો જાય છે. આ જગ્યા એ શહેરનો પ્રવેશદ્વાર હોવાથી બી.એસ.એફ.ની ટુકડી પણ ત્યાં મુકવામાં આવી છે. પાણી ભરાઈ જવાના કારણે ઉભા રહેલા પોલીસને પણ ખુબ જ અડચણ પડતી હોય છે અને ડામરના રોડ ઉપર પાણી ભરાતા ડામરનો રોડ બિસ્માર્ક થઈ ગયો છે. તંત્ર દ્વારા આ મમલે યોગ્ય કામગીરી કરાય અને ચોકકસ રોડ બનાવવા અને પાણીના નિકાલની યોગ્ય વ્યવસ્થા કરી પાણીનો નિકાલ કરવામાં આવે તો પ્રજા પરેશાનીમાંથી મુકિત મેળવી શકે. સામાન્ય રીતે રોડ સાઈડ ઉપર પાણીને નિકળવાની યોગ્ય વ્યવસ્થા ગટરના માધ્યમથી કરવામાં આવતી હોય છે. પરંતુ આ ગટરમાં ઘણો જ કચરો ભરાઈ જતા પાણી ગટરમાં થઈ આગળ નહી જઈ શકવાના કારણે પાણી રોડ ઉપર જ ભરાઈ જતું હોય છે. ઘણી વખત તો ચાલુ વરસાદમાં ત્યાંથી વાહનો પણ લઈ જવામાં ખુબ જ તકલીફ પડતી હોય છે. આના કારણે લોકો રસ્તો પણ બદલી નાખતા હોય છે. આથી લોકોમાં પણ ઘણો જ રોષ ફેલાયો છે. અને તંત્ર સત્વરે આ મામલે યોગ્ય કાર્યવાહી કરે તેવી પણ માંગ ઉઠવા પામી છે.

ગાંધીનગર સેક્ટર-૨૭ ગાયત્રીનગરમાં થોડાક અમથા વરસાદમાં પણ પાણી ભરાવવાના બનાવથી હવે તો સ્થાનિકો ટેવાઈ ગયા છે. તે તમને ઉપરોક્ત તસવીરમાં જોવા મળી રહ્યું છે અને આ પાણી ભરાવવાના કારણે લોકોને ઘરમાં જ પૂરાઈ રહેવાની પણ ફરજ પડે છે. જરાક અમથા વરસાદમાં સેક્ટરમાં આ રીતે પાણી ભરાઈ જતું હોય તો પછી ભારે વરસાદમાં તો સેક્ટરનો શો હાલ થશે તે માત્ર કલ્પના જ કરવી રહી.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૬.૧૪
સૂર્યાસ્ત : ૭.૧૬

તાપમાન

મહત્તમ : ૩૧.૫ ડિ.સે.
લઘુત્તમ : ૨૬.૫ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૯૨ ટકા ● સાંજે ૯૨ ટકા
વરસાદ ૩ મીમી

મનોરંજન

સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
ધ વોલ્વેરીન (હિન્દી) : ૯.૦૦, ૨.૧૫, ૫.૦૦, ૭.૪૫, ૧૦.૩૦
નશા : ૧૧.૪૫

: સ્ક્રીન-૨ :
ઈશ્ક : ૯.૧૫
ભાગ મિલ્ખા ભાગ : ૧૨.૦૦, ૩.૩૦, ૧૦.૦૦
ડી-ડેય : ૭.૦૦

: સ્ક્રીન-૩ :
ભાગ મિલ્ખા ભાગ : ૯.૧૫
બજાતે રહો : ૧૨.૪૫, ૫.૪૫, ૧૦.૪૫
ઈશ્ક : ૩.૦૦, ૮.૦૦

: સ્ક્રીન-૪ :
રમૈયા વસ્તાવૈયા : ૯.૧૫, ૧૨.૧૫, ૩.૧૫
ભાગ મિલ્ખા ભાગ : ૬.૧૫, ૯.૪૫

સૂર્યા, વાવોલ

ઈશ્ક : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
ભાગ મિલ્ખા ભાગ : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
ઈશ્ક : ૧૦.૩૦, ૧૦.૦૦
નશા : ૧.૩૦
બજાતે રહો : ૪.૦૦, ૭.૦૦

: સ્ક્રીન-૨ :
રમૈયા વસ્તાવૈયા: ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

: સ્ક્રીન-૩ :
બજાતે રહો : ૧૦.૦૦
ઈશ્ક : ૧૨.૦૦, ૫.૩૦, ૭.૩૦
નશા : ૩.૦૦

ચિરાગ, કલોલ

ઈશ્ક : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

ધાર્મિક

- અષાઢ વદ-૫ નીમિત્તે શ્રીજી શ્રી ગોવર્ધનનાથજીની હવેલી વલ્લભધામ, ચ-રોડ, સેકટર-૨૧ ખાતે આજ ગુલાબી ઘટાના હિંડોળા

આપની આજ

મેષ : નવા સંબંધ બનશે. માનસિક શાંતિ જાળવી રાખવી. વ્યાપાર-વ્યવસાયક્ષેત્રમાં આવનારા તનાવ અને વિઘ્નો સમાપ્ત થવાના યોગ બની રહ્યા છે. જોખમી કામોમાં સાવચેતી રાખવી.

વૃષભ : પ્રયત્ન અને પરિશ્રમનું યોગ્ય ફળ પ્રાપ્ત મળી શકશે. માન-સન્માનમાં યશ-વૃદ્ધિ થશે. ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. જીવનસાથીનો સહયોગ કાર્યોમાં મળી રહેશે. વ્યાપાર-વ્યવસાય સારો ચાલશે.

મિથુન : સામાજિક ક્ષેત્રોથી લાભ. આપ ભાગ્ય કરતાં કર્મ પર વધુ વિશ્વાસ કરી કાર્ય કરતા રહો. રાજયપક્ષનાં કાર્યોમાં સફળતા મળવાની સંભાવનાઓ રહેલી છે. લગ્નઈચ્છુકો માટે લગ્નનાં પ્રસ્તાવ આવશે. ધાર્મિક કાર્યો થશે.

કર્ક : સામાજિક ક્ષેત્રોમાં સફળતાનો યોગ. ખર્ચ પ્રવાસનો યોગ. કાર્ય અને વ્યવસાયના ક્ષેત્રમાં પૂરતી સફળતા પ્રાપ્ત થઈ શકશે. આરોગ્ય સંબંધી ચિંતાનું સમાધાન થશે. ઈચ્છાઓની પૂર્તિ થઈ શકે છે.

સિંહ : સાહસનો લાભ મળી શકશે. સામાજિક કાર્યોમાં આપનો સક્રિય સહયોગ રહેશે. વ્યાપાર- વ્યવસાયક્ષેત્રમાં સફળતા પ્રાપ્ત થઈ શકે છે. સંતાનના આરોગ્ય સંબંધીત ચિંતાઓનું નિકારણ આવશે.

કન્યા : જૂના સંબંધોમાં યશની વૃદ્ધિ થશે. વેપારમાં કાર્યક્ષેત્રનો વિકાસ અને વ્યાપારિક મુશ્કેલીઓ દૂર થશે .આવક કરતાં ખર્ચ ન વધે તેની તકેદારી રાખવી. આર્થિક તંગીની આશંકા છે.

તુલા : પ્રયત્નોમાં સફળતા પ્રાપ્ત થશે. ધાર્મિક યાત્રાઓ થઈ શકે છે. અટકેલા નાણાં પ્રાપ્ત થવાથી હર્ષ થશે. કૌટુંબિક ચિંતા દૂર થશે. વ્યવસાયિક સ્થિતિ સારી રહેવાની સંભાવના છે.

વૃશ્ચિક : મતભેદોથી દૂર રહીને શાંતિથી કાર્ય કરવું. પ્રગતિવર્ધક સમાચાર મળી શકે છે. સંતાનની ઉન્નતિ પ્રસન્નતા આપશે. પૂર્વમાં કરવામાં આવેલા કાર્યોનું ફળ મળી શકશે. જૂના સંબંધો વધુ મજબૂત થશે.

ધન : સંતોષપ્રદ વાતાવરણ રહેશે. કાર્ય સ્થિતિઓ અનુકૂળ રહેવાની સંભાવના છે. વિચારેલું કાર્ય સમય પર થશે. અટવાયેલા અને અધુરા રહેલા કાર્ય પૂર્ણ થવાથી ઉત્સાહ અને પ્રસન્નતા વધશે. મિત્રોના સહયોગથી અનુકૂળતા વધશે અને દિવસ પ્રસન્નતાથી પસાર થશે.

મકર : વિશેષ ઉન્નતિકારક યોગોને કારણે મન પ્રસન્ન રહેશે. જીવનમાં વિવિધતાપૂર્ણ વાતાવરણ નિર્મિત થસે. મહત્વપૂર્ણ કાર્યો પર ખર્ચ થઈ શકે છે. લાભ મળવાના પણ યોગ બની રહ્યા છે. કુટુંબમાં માંગલિક કાર્યનો યોગ.

કુંભ : નવા આર્થિક સાધનો પર કાર્ય થઈ શકશે. વ્યાપારમાં મુશ્કેલીઓ વધે નહી તેની કાળજી રાખવી. ધાર્મિક યાત્રાઓ થઈ શકે છે. વ્યાપારમાં ભાગ્યવર્ધક સફળતા મળી શકે છે.

મીન : નોકરીમાં સ્થિતિ મજબૂત બનશે. ઉદાર મન અને ક્ષમાવાન વ્યવહારથી લાભ થશે. સંબંધીઓથી મતભેદ થવાની શકયતા છે. વાદ-વિવાદથી દુર રહેવું.

ચિરવિદાય

- સ્વ. સવધાનજી વીહાજી ઠાકોર (ઉ.વ. ૪૮) મુ.પો. શાહપુર, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. કાળુભાઈ શિવાભાઈ દંતાણી (ઉ.વ. ૫૫) મુ.પો. આદીવાડા, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. બચુભાઈ કાળીદાસ પટેલ (ઉ.વ. ૮૧) પ્લોટ નં.૩૪૧/૧, સેકટર-૨/બી, ગાંધીનગર.
- સ્વ. નરેન્દ્ર ગુલઝારીલારી નંદા (ઉ.વ. ૮૬) ૯૯૫ શિવશક્તિ સોસાયટી, સેકટર-૨૭, ગાંધીનગર.